

ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે એ નિશ્ચય છે. વર્તમાન જ્ઞાનપર્યાયમાં આ જે બધું જણાય છે તે ખરેખર જણાતું નથી, જાણવામાં તો પોતાની જ્ઞાનપર્યાયની તાકાત આવે છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*


કહાન સં. ૨૫ સં. ૨૦૬૧ [૭૩૭] * આત્મધર્મ * [અંક-૯ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૧ માર્ચ-૨૦૦૫

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ હે જીવ! તું જ તારું તીર્થ છો ત્યાં આરુઢ થા, બીજા તીર્થે ન જા!...ન જા! વ્યવહાર નિષેધ્ય છે ને! તેથી અહીં યોગીન્દુદેવ સ્પષ્ટ કરે છે કે સમ્મેદશિખર આદિ તીર્થો છે તે પરતીર્થ છે, ત્યાં ન જા! તેના લક્ષે તને શુભરાગ થશે. તું તારા પરમ તીર્થસ્વરૂપ આત્મામાં આરૂઢ થા. તેનાથી તને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થશે. બીજા ગુરુની સેવા ન કર. તેના લક્ષે રાગ થશે. તું તારા પરમાર્થગુરુની સેવા કર તેનાથી તને આનંદની પ્રાપ્તિ થશે. દેવની સેવા ન કર, બીજા દેવ, અરિહંત, સિદ્ધનું ધ્યાન ન કર. ભાઈ! તેના લક્ષે શુભ વિકલ્પ થશે ને પુણ્ય-બંધન થશે. તું તારા આત્મદેવનું ધ્યાન કર જેથી તને આનંદના નાથનો ભેટો થશે. તું તારા પરમ દેવ-ગુરુ ને તીર્થની સમીપ જા. આમ કહીને રાગના કારણભૂત વ્યવહાર દેવ-ગુરુ-તીર્થનું લક્ષ છોડાવી આનંદના કારણભૂત પરમાર્થ દેવ-ગુરુ-તીર્થનું લક્ષ કરાવ્યું છે. ૩૪૮.

❀ દરેક દ્રવ્યના પરિણામ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જ થાય છે. બીજા દ્રવ્યનું બિલકુલ કાર્ય નથી. ધજા સ્થિર હતી ને એકદમ હલવા માંડી તે પવન આવ્યો માટે હલવા માંડી એમ નથી. પાણી ઠંડું હતું તેમાંથી એકદમ ગરમ થયું તે અગ્નિ આવી માટે ગરમ થયું છે એમ નથી, ચોખા કઠણ હતા અને તેમાંથી પોચા થયા તે પાણી આવ્યું માટે થયા છે એમ નથી. બાહ્યદૃષ્ટિથી જોનાર અજ્ઞાનીને નિમિત્ત દેખીને ભ્રમ પડે છે કે પાણી ઠંડું હતું ને ગરમ થયું તે નિમિત્ત આવ્યું માટે થયું છે, પણ એમ નથી. ઘેર બેઠો હતો ત્યારે અશુભ પરિણામ હતા ને મંદિરે ભગવાનના દર્શન કરવા આવ્યો ત્યાં શુભ પરિણામ થયા, આમ એકદમ અશુભમાંથી શુભ પરિણામ થયા તે નિમિત્તથી થયા એમ છે જ નહિ, પણ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી અર્થાત્ પોતાથી જ થયા છે. એક દ્રવ્યનું કાર્ય બીજું દ્રવ્ય બિલકુલ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી તો એક દ્રવ્યને બીજું દ્રવ્ય કરે શું? આહાહા! આવી વસ્તુની સ્વતંત્રતા બેસી જાય તો એની દૃષ્ટિ બહારથી ખસીને અંદરમાં વળે. ૩૪૯.

❀ આહાહા! સર્વજ્ઞ એટલે પૂરણ પૂરણ એકલું જ્ઞાન, દ્રવ્યમાં પૂરું, ગુણમાં પૂરું, પર્યાયમાં પૂરણ પ્રગટ જ્ઞાન; જ્ઞાન એટલે અપૂર્ણતા નહીં, રાગ નહીં, એકલો જ્ઞાનનો જ પૂરણપ્રકાશ—આમ શ્રદ્ધા કરવા જાય ત્યાં અંતરમાં એકલા જ્ઞાનની અનુભવમાં પ્રતીત થઈ જાય છે. આમાં બીજું કાંઈ કરવાનું નથી. બસ, એકલો જ્ઞાન-આનંદનો રસ જ છે, જ્ઞાનનું ચોસલું છે, એમાં ઈન્દ્રિય, રાગ કે અલ્પજ્ઞતા છે જ નહીં. ૩૫૦.

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૧
અંક-૯
[૭૩૭]

વીર
સંવત
૨૫૩૧
સં. ૨૫૬૧
March
A.D. 2005




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે

(શ્રી સમયસાર-કળશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ કળશટીકા ચાલે છે. મોક્ષ અધિકારનો છેલ્લો કળશ છે. તેમાં મોક્ષની વ્યાખ્યા કરે છે.

बन्धछेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम् ।
एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्थ लीनं महिम्नि ।।१३।।

અર્થ :—''एतत पूर्णं ज्ञानं ज्वलितम्'' આત્મા જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ છે. તેની જે દશામાં પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થયા હોય અને ચાર ગતિમાં ભ્રમણનો અભાવ થયો હોય એવી દશાનું નામ મોક્ષ છે. માટે, 'મોક્ષ' એ આત્માના અતીન્દ્રિય શુદ્ધ પરિણામ છે તો તેનું કારણ પણ અતીન્દ્રિય શુદ્ધ હોવું જોઈએ. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે.

જીવદ્રવ્ય જેવું હતું તેવું પ્રગટ થયું. કેવું હતું? જેમ, લીંડીપીપરમાં સોળ આના પૂરેપૂરી તીખાશની શકિત ભરી હતી તે ઘસવાથી પૂર્ણ પ્રગટ થાય છે, તેમ જીવદ્રવ્ય અનંતગુણે બિરાજમાન હતું તેવું જ પર્યાયમાં પ્રગટ થાય છે તે મોક્ષ છે.

આ દેહ તો જડ-માટી-ધૂળ છે. જે જાણનાર છે તે આત્મા છે. આત્મા પરને જાણે છે એમ અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. ખરેખર તો પોતાની જ્ઞાનપર્યાયમાં પોતાનું જ્ઞાન થાય છે એ નિશ્ચય છે. વર્તમાન જ્ઞાનપર્યાયમાં આ જે બધું જણાય છે તે ખરેખર જણાતું નથી, જાણવામાં તો પોતાની જ્ઞાનપર્યાયની તાકાત આવે છે.

વાત સૂક્ષ્મ છે ભાઈ! ધર્મ એ કોઈ બહારની ચીજ નથી. ધર્મ તો અંતરની કોઈ અપૂર્વ ચીજ છે. ધર્મ બહુ સૂક્ષ્મ છે.

એક સમયમાં પોતાની વર્તમાનદશામાં આ...આ...આ...જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાની જ્ઞાનપર્યાય પોતાથી પ્રગટ થઈ છે તે પોતાને જ જાણે છે. કેમ કે, જેમાં તન્મય થઈને જાણે તે જાણવાને જ નિશ્ચય કહેવામાં આવે છે. પરનું જાણવું કાંઈ પરમાં તન્મય થઈને થતું નથી માટે પરને જાણવું તે વ્યવહાર છે. પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે તેને જ્ઞાન જાણે છે એ નિશ્ચય છે.

અહીં તો આત્માને ભગવાન તરીકે જ બોલાવીએ છીએ. એને ખબર નથી કે હું ભગવાન છું પણ એ ભગવાન સ્વરૂપ જ છે. વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાનપર્યાયને જ જાણે છે એ પણ હજુ પર્યાયબુદ્ધિ છે. ઝીણી વાત છે ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા થયા તે ક્યાંથી થયાં? કે અંદરમાં જેવા સ્વરૂપે હતાં તેમાંથી પ્રગટ થયા છે. એ સર્વજ્ઞપર્યાય પરમાં તન્મય નથી માટે તે પરને જાણે છે એ વ્યવહાર છે. પોતામાં તન્મય છે માટે પોતાને જાણે છે એ નિશ્ચય છે. હવે એ એક સમયની પર્યાય પોતાને જાણે છે એ પણ પર્યાયની વાત થઈ. દ્રવ્ય જેવું છે તેવું પર્યાયમાં જાણવામાં આવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે.

વીતરાગ પરમેશ્વરે જેને ધર્મ કહ્યો એ કોઈ અલૌકિક ચીજ છે. તેના વિના જન્મ-મરણનો અંત આવે તેમ નથી. અનંતકાળથી પરિભ્રમણ થતું આવ્યું છે, જ્યારે મુકતસ્વરૂપ વસ્તુ જેવી છે તેવી વર્તમાનપર્યાયમાં જાણવામાં આવશે ત્યારે સમ્યગ્દર્શનરૂપ ધર્મ પ્રગટ થશે. આ કોઈ પૈસાથી મળે તેવી ચીજ નથી. આ તો સત્ ચિદાનંદ ભગવાન જ્ઞાનાનંદનો ભંડાર છે. તેમાંથી જે પૂર્ણ એવી મોક્ષદશા પ્રગટ થાય એ તો એકાંત શુદ્ધ અને સર્વથા શુદ્ધ હોય છે. સંસારદશામાં જીવ પરિપૂર્ણ વિકારથી દુઃખી હોય છે. ભલે તે રાજા હોય કે અબજોપતિ શેઠ હોય તોપણ એ દુઃખી છે, અજ્ઞાની છે, મૂર્ખ છે, કારણ કે એ પૈસાનો માલિક પોતાને માને છે તેને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન નથી.

આત્મા જેવો છે તેવો વર્તમાન પર્યાયમાં પ્રતીતિમાં આવે છે ત્યારે પરિપૂર્ણ શુદ્ધ એવી મોક્ષદશાનો ઉપાય શરૂ થાય છે. આ દશા પરિપૂર્ણ શુદ્ધ નથી પણ, અપૂર્ણ શુદ્ધ છે.

ચોરાશી લાખ યોનિ છે તેમાં દરેકમાં અજ્ઞાનથી અનંતવાર ભ્રમણ કર્યું પણ હજુ એને થાક લાગ્યો નથી, અરે! એ જોતો પણ નથી કે હું કોણ છું!

અહીં તો એ વાત છે કે એક સમયની વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાની ભગવાન પરને જાણે છે એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે કેમ કે પરમાં જ્ઞાન તન્મય નથી. જ્ઞાન પોતાની પર્યાયમાં તન્મય છે માટે, પોતાને જાણે છે એ નિશ્ચય છે. તેમ જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ જીવ પરને તન્મય થઈને જાણતાં નથી માટે, પરનું જાણવું વ્યવહારથી કહેવાય છે. પર સંબંધીના પોતાના જ્ઞાનને પોતે તન્મય થઈને જાણે છે માટે તે નિશ્ચય છે. હવે અહીં તો એથી પણ આગળ લઈ જવા છે. મનુષ્યપણું મળ્યું છે અને આત્મજ્ઞાન નહિ કરે તો ચારગતિમાં રખડવાનો છે. માટે મોક્ષ પ્રગટ કરવા માટે પહેલાં તેના કારણનું સ્વરૂપ અહીં બતાવે છે. આત્મા જેવો છે તેવો જ પર્યાયમાં પૂર્ણ જ્ઞાન, આનંદ, શાંતિ સ્વરૂપે પ્રગટ થઈ જાય એ તો મોક્ષ છે પણ તેનું કારણ શું?

જેમ પીપરના દાણામાં પૂરેપૂરી તીખાશ અંદર ભરી છે તો તેને ઘૂંટવાથી પૂરેપૂરી પ્રગટ થઈ જાય છે તેમ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, પ્રભુતાથી આત્મા પૂર્ણ ભરેલો છે પણ તેને પ્રગટ શી રીતે કરવો?–તો કહે છે કે વર્તમાન પર્યાયમાં પરને જાણવાની તાકાત માની છે તેમ વર્તમાન પર્યાયમાં સ્વને જાણવાની તાકાત છે એમ જાણીને, એ પર્યાયમાં સ્વને જાણે ત્યારે તે જીવને પર્યાયમાં મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. મોક્ષ એ પૂર્ણ શુદ્ધદશા છે તો તેનું કારણ પણ શુદ્ધદશા હોવી જોઈએ.

ઝીણી વાત છે ભગવાન! આ વાત તે કદી સાંભળી નથી, અનુભવી નથી "બાળપણ ખેલમેં ખોયા, યુવાની સ્ત્રીમેં મોહ્યાં, બુઢાપા દેખ કર રોયા" આ તો સર્વજ્ઞ-ભગવાને સત્ચિદાનંદ આત્મસ્વરૂપ જેવું જોયું તેવું કહ્યું છે અને જેવું આત્મસ્વરૂપ છે તેવું જ તેમને પૂર્ણપણે પ્રગટ થઈ ગયું છે.

પૂર્ણદશાનું કારણ પણ આત્માના શુદ્ધ પરિણામ હોવા જોઈએ. પૂર્ણ શુદ્ધ એવા આત્માનું ભાન થતાં પર્યાયમાં અપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ થાય છે તે જ પૂર્ણ શુદ્ધદશાનું કારણ થાય છે.

સમસ્ત કર્મમળકલંકનો વિનાશ થતાં, જીવદ્રવ્ય જેવું હતું તેવું, અનંતગુણે બિરાજમાન પ્રગટ થાય છે. પૂર્ણ શુદ્ધજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે નિમિત્તરૂપે સમસ્ત કર્મરૂપી મળનો નાશ થાય છે. પહેલાં મલિનદશા હતી તે ટળીને નિર્મલદશા પ્રગટ થાય છે. 'સમસ્ત' શબ્દ આપ્યો છે ને! એક રાગનો કણમાત્ર પણ મોક્ષમાં રહેતો નથી. રાગ હોય તો તો ફરીને અવતાર

કરવો પડે. આ તો સમસ્ત અશુદ્ધિનો નાશ થાય છે. જેમ ચણા શેકાઈને દાળીયા થઈ જાય પછી ફરી તેમાંથી ચણાં થતાં નથી તેમ એકવાર અજ્ઞાનનો નાશ થઈને મોક્ષદશા પ્રગટ થયા પછી સંસારમાં અવતાર ધરવો પડતો નથી. અવતાર ધારણ કરવો એ તો કલંક છે.

અંદરમાં આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સાગર પડ્યો છે પણ પોતે કદી નજર કરી નથી. પણ હવે જો એકવાર ચૈતન્યવસ્તુ જેવા જ્ઞાનાનંદસ્વરૂપે છે તેવા સ્વરૂપે પ્રતીત, જ્ઞાન અને અનુભવમાં આવે તો એ શુદ્ધપરિણામ છે અને તે જ પૂર્ણ શુદ્ધપરિણામનું કારણ છે.

સહેલામાં સહેલી ભાષામાં વાત આવે છે પણ એને સમજવી કઠણ પડે છે ભાઈ! સમજણ કરીને પરિણમન તો પોતે જ કરવું પડે. તેમાં કોઈ મદદ કરી શકે તેમ નથી. અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ અનંત શકિત અંદરમાં પડી છે તે જ પ્રગટ થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. કેવું પ્રગટ થયું? —"मोक्षम् कलयत्" જીવની જે નિઃકર્મરૂપ અવસ્થા પરિણમે તે મોક્ષ છે. અશુદ્ધતાથી સર્વથા રહિત, પૂર્ણ શુદ્ધદશાનું પરિણમન થવું તેનું નામ મોક્ષ છે. कलयन् એટલે અનુભવ. પૂર્ણ શુદ્ધનો અનુભવ થવો તે મોક્ષ છે.

ભાઈ! મારગ તો આવો છે અત્યારે તો જુઓ ને! નાની નાની ઉંમરમાં હાર્ટફેઈલ થઈ જાય છે, આયુષ્યની સ્થિતિ પૂરી થઈ જાય છે!

સિદ્ધની દશાનું વર્ણન છે ને! આનંદ...આનંદ...શાંતિ...શાંતિ...બેનનાં વચનામૃતમાં પણ સિદ્ધદશાનું વર્ણન સરસ આવ્યું છે. વિકારથી ભિન્ન ભગવાન આત્માનો અનુભવ તે મોક્ષ છે. લીંડીપીપરની જેમ શકિતમાં જે સ્વભાવ પૂરો ભર્યો પડ્યો હતો તે વ્યકત થઈ ગયો તેનું નામ મોક્ષ છે.

પૈસાવાળાને પૈસામાં આ વાત ક્યાંય મળે તેમ નથી. શાસ્ત્ર તો પૈસાવાળાને ભિખારી કહે છે. કેમ·કે એ ભગવાન થઈને ભીખ માગી રહ્યો છે. પૈસા લાવો...પૈસા લાવો...સ્ત્રી લાવો, પુત્ર લાવો...લાવો લાવો કરે છે તો તું ભિખારી છો! તારી આનંદલક્ષ્મી તારામાં પડી છે અને તું બહારથી માગે છો! સ્વલક્ષ્મીનો સ્વામી થા ને! દુનિયાથી વિરુદ્ધ જાતની વાત છે પણ આત્માની પોતાના ઘરની વાત છે. આ દેહ તો માટી છે, હાડકા છે એ તો રાખ થઈને ઊડી જશે. તું કાંઈ નાશ થાય તેવો નથી. આત્મા અનાદિ-અનંત છે. તેથી તેમાંથી પ્રગટ થયેલી મોક્ષદશા પણ આગામી અનંત કાળપર્યન્ત અવિનશ્વર છે, તેનો નાશ થવાનો નથી. મોક્ષ થયા પછી ભગવાન કદી અવતાર લેતાં નથી. ભકતોની ભીડ ભાંગવા ભગવાન અવતાર લેતાં નથી.

અત્યારે જુઓને! લોકો મોંઘવારીમાં દુઃખી દેખાય છે. પૈસાવાળાને પૈસા હોય છતાં એ પણ દુઃખી છે. રાજા પણ દુઃખી અને રાંક પણ દુઃખી. દેવ પણ દુઃખી અને નારકી પણ દુઃખી. સુખી તો 'સંત' છે જેને આત્માનું ભાન છે. 'સુખીયા જગતમેં સંત, દુરિજન દુખિયા રે.'

મોક્ષદશા અતુલ છે, તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. જે અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે તેને કોની ઉપમા આપવી? ઈન્દ્રના સુખથી મોક્ષનું સુખ અનંતગણું છે એમ પણ કહી શકાય તેમ નથી. કેમ કે ઈન્દ્રના સુખ તો ઝેર જેવા છે. અતીન્દ્રિયસુખ તો બંધને મૂળમાંથી છેદીને પ્રગટ થયેલું હોવાથી તેમાં દુઃખનો લેશમાત્ર નથી. જેમ કાચા ચણામાં મીઠાશ ન હોય, તૂરા લાગે પણ તેની અંદર મીઠાશની શકિત રહેલી છે તો ચણાને સેકવાથી મીઠાં લાગે છે તેમ આત્મામાં અતીન્દ્રિય આનંદની મીઠાશ ભરી પડી છે તે બંધનો મૂળમાંથી નાશ થતાં પ્રગટ થાય છે. એકવાર જ્ઞાનસ્વભાવમાં રહેલી મીઠાશનો ખ્યાલ આવી ગયો અને તે જ્ઞાન અનંત જ્ઞાનની મીઠાશમાં તન્મય થઈ ગયું પછી આગામી અનંત કાળ કદી તે આનંદનો નાશ થતો નથી. તેને રાગ-દ્વેષ-મોહરૂપ ભાવકર્મ અને જ્ઞાનાવરણાદિ આઠ કર્મો એ બંધનો મૂળથી નાશ થઈ જાય છે પછી ફરી કદી બંધનને પામતાં નથી.

કેવું છે શુદ્ધજ્ઞાન? "नित्योद्योतस्फुटितसहजावस्थम्" શાશ્વત પ્રકાશથી પ્રગટ થયું છે. આત્મદ્રવ્ય જેવું શાશ્વત છે તેવા જ તેના સર્વ ગુણો અવિનાશી શાશ્વત છો તેની અનંત આનંદ આદિ પર્યાયો પ્રગટ થાય છે તે પણ શાશ્વત રહે છે. વસ્તુ શાશ્વત, ગુણ શાશ્વત અને પર્યાય પણ શાશ્વત થઈ ગઈ. સંસારદશામાં અસ્થિરતા હતી તે ટળી ગઈ અને શાશ્વત અતીન્દ્રિય આનંદદશા પ્રગટ થઈ ગઈ.

આ કઈ જાતનો ધર્મ! દયા પાળીએ, દાન કરીએ, દેશની સેવા કરીએ તો પોતાનું અને બીજાનું કલ્યાણ થાય એમ માનીને તેમાં લોકોને ધર્મબુદ્ધિ થાય છે પણ જ્યાં પોતાના શરીરના રોગને પણ પોતે મટાડી શકતો નથી તો બીજાંના દુઃખને કેમ મટાડી શકે! તેનો પોતાને વિચાર જ નથી. તેથી ખોટા અભિમાન કરે છે. તું તો તારા દુઃખને મટાડીને સુખ પ્રગટ કરી શકે એવી વસ્તુ છો અને એવો તારો ધર્મ છે. જેવું અંદરમાં ભર્યું છે તેવું પ્રગટ થઈ જવું તેનું નામ મોક્ષ છે. જીવનું સ્વરૂપ શાશ્વત પ્રકાશથી પ્રગટ થાય છે તે કેવું છે? सहजावस्थम् અનંતગુણે બિરાજમાન શુદ્ધ વસ્તુ સહજસ્વભાવે સ્થિત છે. જેવી શકિતરૂપ ત્રિકાળપ્રભુ છે એવો જ તેનો અનુભવ કરીને, આનંદનું વેદન કરીને, તેમાં સ્થિર થતાં થતાં પૂર્ણ દશા પ્રગટ થઈ તે પછી શાશ્વત એવી ને એવી રહેશે. સંસારનો નાશ અને મોક્ષનો

ઉત્પાદ થયો તે સદાકાળ મોક્ષરૂપ જ રહેશે.

આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન છે. આત્મજ્ઞાન વિના કદી ત્રણકાળમાં જન્મ-મરણનો અંત નહિ આવે. ચોરાશીના અવતારમાં ઘાંચીના બળદની પેઠે રખડી રખડીને દુઃખી થઈ ગયો છે છતાં નિત્ય ઉદ્યોતરૂપ અને સહજ અવસ્થ એટલે સહજ સ્વભાવે સ્થિત છે. અહીં અવસ્થ એટલે પર્યાય ન લેવી. અવસ્થ એટલે ચોક્કસ=પણે છે. વળી કેવું છે? ''एकान्तशुद्धम्'' સર્વથા પ્રકારે શુદ્ધ છે. એકાંત શુદ્ધ એવા આત્માનો અનુભવ કરતાં કરતાં પ્રગટેલી મોક્ષદશા પણ એકાંત શુદ્ધ છે. કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ છે–એમ નથી. સર્વથા સર્વપ્રકારે શુદ્ધ છે. તેથી સિદ્ધભગવાન કોઈ રીતે દુઃખી નથી, પૂર્ણપણે સુખી છે. પૂર્ણ આનંદ સ્વરૂપ છે. તેને પછી જન્મ-મરણ નથી. પરમાત્મપ્રકાશમાં એમ કહ્યું છે કે ભગવાનને ઇન્દ્રિયસુખ નથી. ઇન્દ્રિયસુખ એ સુખ જ ક્યાં છે! ભગવાન તો એકાંતસુખી છે. સર્વથા સુખી છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતાં કરતાં પ્રગટ થયેલી મોક્ષદશા એકાંતશુદ્ધ છે અને નિત્ય એવી જ રહેવાની છે.

વળી કેવું છે? अत्यन्तगंभीरधीरं અનંતગુણે બિરાજમાન આત્મદ્રવ્ય ધીર અને ગંભીર છે. જેમ શરીરમાં ગંભીર ગુમડું થાય છે ને! તેમ, આત્મામાં પ્રગટેલો આનંદ એવો ગંભીર છે કે જે આનંદનો પાર નથી. એવો આનંદસ્વભાવ તો અંદર પડ્યો જ છે પણ તે અંતરદષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા કરતાં કરતાં પ્રગટ થાય છે.

જે દશા અક્ષય અને અનંત છે. જ્યાં મોક્ષના કારણરૂપ ચારિત્રને પણ અક્ષય-અનંત કહ્યું છે તો તેના કાર્યરૂપ મોક્ષ-પૂર્ણદશાના અક્ષય અનંતપણાનું શું કહેવું? તે તો અપાર ગંભીર છે, તેની મર્યાદા નથી.

'ચારિત્ર એટલે ધર્મ' તે દશા ક્યાંય બહારથી પ્રગટ થતી નથી. અંતરનું ધ્યાન કરવાથી ધર્મદશા પ્રગટ થાય છે. અહીં તો થોડી દયા પાળે અને પૈસા ખરચે ત્યાં ધર્મ થઈ ગયો એમ માને છે. એમાં ધૂળેય ધર્મ નથી. ભલે કરોડ–બે કરોડ ખરચી નાંખે તોપણ શું! એ તો ધૂળ છે, તેમાં ધર્મ ક્યાંથી થાય!

ધીરં અર્થાત્ સર્વકાળ શાશ્વત રહેનાર છે. સંસારનો નાશ કરીને નિજ અનુભવ કરતાં કરતાં પ્રગટ થયેલું કેવળજ્ઞાન શાશ્વત રહેવાનું છે. ક્યાં કારણથી? ''एकाकारस्वरसभरतः'' એકરૂપ થયેલાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યના અતિશયના

(અનુસંધાન પાનું-૧૫ પર જુઓ)

# સમકિતી સાધુ છે, મિથ્યાદૃષ્ટિ ચોર છે

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૦૭)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. તેમાં આ મોક્ષ અધિકારનો ૭-૮મો કળશ છે તેના ઉપરનું ૧૮-૧૯મુ પદ્ય લેવાનું છે.

'સમ્યગ્દૃષ્ટિ જીવ સાધુ છે અને મિથ્યાદૃષ્ટિ ચોર છે.'

जो पुमान परधन हरै, सो अपराधी अग्य।
जो अपनौ धन व्यौहरै, सो धनपति सरवग्य॥१८॥

परकी संगति जो रचै, बंध बढावै सोइ।
जो निज सत्तामै मगन, सहज मुक्त सो होइ॥१९॥

અર્થ :—જે મનુષ્ય પરદ્રવ્યનું હરણ કરે છે તે મૂર્ખ છે, ચોર છે. જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે સમજણો છે, શાહુકાર છે. જે પરદ્રવ્યની સંગતિમાં મગ્ન રહે છે તે બંધની પરંપરા વધારે છે અને જે નિજસત્તામાં લીન રહે છે તે સહજમાં જ મોક્ષ પામે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ સાધુ છે એટલે કે વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણનારા છે-ભલાં છે જ્યારે મિથ્યાદૃષ્ટિ જીવો ચોર છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણતાં નથી તેથી પરચીજના માલિક થાય છે.

जो पुमान परधन हरै....લોકમાં પણ જે પુરુષ પરનું ધન હરે છે તેને ચોર કહેવાય છે-અપરાધી કહેવાય છે અને જે પુરુષ પોતાના ધનનો ઉપયોગ કરે છે તેને શાહુકાર કહેવાય છે અને તે અપરાધી નથી તેમ, આત્મામાં ઉતારે છે કે જે જીવ પરની સંગતિ કરે છે, નિજ ભગવાન આત્માની એકાગ્રતા છોડીને પરમાં રાગાદિ વિકલ્પ કરીને તેમાં એકાગ્ર થાય છે તે અપરાધી છે માટે બંધ વધારે છે. આનંદ અને જ્ઞાનસ્વરૂપને ભૂલીને રાગના ભાવને, વિકલ્પને અને શરીરાદિને પોતાના માને છે તે તો ચોર છે. માટે ગુનેગાર છે-અપરાધી છે. રાગનો સ્વામી થાય અને તેને જ સેવે છે તે ચોર છે એમ આચાર્યદેવ કહે છે.

ચૈતન્યસ્વરૂપ આત્મા પોતાના સ્વરૂપનો સંગ કરવાને બદલે રાગનો સંગ કરે છે માટે તે ગુનેગાર છે તેથી તેને બંધ થાય છે. મિથ્યાત્વ મોહનીયકર્મનું બંધન તેને વધે છે. જ્યારે

પોતાના સ્વરૂપને સંભાળે છે અને તેને જ સેવે છે, તેમાં જ એકાગ્ર થાય છે એવા જ્ઞાની બંધને વધારતા નથી પણ મુકત થાય છે, કારણ કે તે પોતાનું ધન વાપરનાર શાહુકાર સમાન છે, પરધનના સ્વામી તે થતાં નથી. શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સહજાનંદસ્વરૂપમાં એકાગ્ર એવા તે શાહુકાર છે.

સંસ્થામાં એક નોકર એવો હતો કે સંસ્થાનું નામુ કરે એટલે તેની પાસે સંસ્થાના પૈસા તો ખિસ્સામાં પડ્યા હોય અને કોઈ ગરીબ માણસ માંગે તો એ પૈસા આપી દે. પછી નામુ મેળવતાં પૈસાનો મેળ ન મળ્યો. ત્રણ-ચાર હજાર ઓછાં થયા ત્યારે કહે કે મારી પાસે પૈસા હોય અને કોઈ માંગે તો હું કેમ ના પાડી શકું!...આવો જવાબ આપ્યો. અરે! પણ એ પૈસા ક્યાં તારા હતા! બીજાનાં પૈસા વડે દાન કરવું એ કાંઈ શાહુકારી નથી.

આમ જ, અજ્ઞાની નિમિત્તનાં સંગમાં રહે છે તેથી તેને જે રાગ થાય છે તેને જ પોતાનું સ્વરૂપ માનીને સેવે છે એ કાંઈ શાહુકારી નથી, ચોરી છે. આ શરીર મારું, કુટુંબ મારું છે, ધનાદિ વૈભવ મારો છે એમ માનીને પરદ્રવ્યનો સ્વામી થાય છે અને તેના સંબંધી રાગમાં એકાગ્ર થાય છે તે તેની મૂઢતા છે-અજ્ઞાનતા છે, ભલું નથી-ખોટું કાર્ય છે. રાગમાં કે વ્યવહારના વિકલ્પમાં મગ્ન થનારાં તે જીવો ચોર છે, ગુનેગાર છે તેથી તેને મિથ્યાત્વનું બંધન પડે છે.

પોતાની સત્તા-સ્વભાવ તો શુદ્ધ છે તેમાં એકાગ્ર નહિ થતાં અજ્ઞાની રાગને જ સ્વભાવનું સાધન જાણીને તેમાં એકાગ્ર રહે છે માટે મિથ્યાદૃષ્ટિ છે અને પોતાના સ્વભાવનું સાધન સ્વભાવને જ જાણીને સ્વભાવમાં એકાગ્ર થાય છે તે જ્ઞાની છે. તે નિજ સત્તામાં મગ્ન હોવાથી સહજપણે મુકિતને પ્રાપ્ત થાય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ બંધની જેલમાં પડે છે. ધર્મીજીવ શુદ્ધસ્વભાવમાં એકાગ્ર થતો હોવાથી નિરપરાધી છે. તેથી સહજ મોક્ષ પામે છે.

આ અર્થ થયો હતો, હવે તેનો વિશેષ ભાવાર્થ પણ આપ્યો છે. ભાવાર્થ :—લોકમાં પ્રસિદ્ધ છે કે બીજાનું ધન લે છે તેને અજ્ઞાની, ચોર અથવા ડાકુ કહેવામાં આવે છે. તે ગુનેગાર અને દંડને પાત્ર થાય છે અને જે પોતાના ધનનો ઉપયોગ કરે છે તે મહાજન અથવા સમજદાર કહેવાય છે. તેની પ્રશંસા કરવામાં આવે છે. તેવી જ રીતે જે જીવ પરદ્રવ્ય અર્થાત્ શરીર કે શરીરના સંબંધી ચેતન-અચેતન પદાર્થોને પોતાના માને છે અથવા તેમાં લીન થાય છે તે મિથ્યાત્વી છે, સંસારનું દુઃખ ભોગવે છે અને જે નિજાત્માને પોતાનો માને છે અથવા તેનો જ અનુભવ કરે છે, તે જ્ઞાની છે, તે મોક્ષનો આનંદ પામે છે.

શરીર અને શરીરના સંબંધવાળા ચેતન–અચેતન બધાંને તથા સાથે રાગાદિ પણ લઈ લેવા. તેને જે પોતાના માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. તે ભલે દયા પાળે, વ્રત પાળે, પૂજા કરે, ભક્તિ કરે પણ પરમાં એકાગ્ર હોવાથી ચાર ગતિમાં રખડે છે પણ જે શુદ્ધ નિજાત્માને જ પોતાનો જાણે છે અને તેમાં જ એકાગ્ર થાય છે તે જ્ઞાની છે, તે ચાર ગતિથી છૂટીને મોક્ષ પામે છે.

આ મોક્ષ અધિકાર છે ને! 'રાગની એકતા તે બંધનું કારણ છે અને સ્વભાવની એકતા તે મુક્તિનું કારણ છે.' આમ, ટૂંકમાં બધું કહી દીધું છે. દયા-દાન-વ્રતાદિમાં પણ જેની એકતાબુદ્ધિ છે તે અપરાધી છે, તે ચાર ગતિમાં રખડશે અને જેની એકતા અંતર્મુખ સ્વભાવમાં છે તે સહજપણે મુક્તિ પામશે.

હવે ૨૦મા દોહરામાં દ્રવ્ય અને સત્તાનું સ્વરૂપ કહે છે.

उपजै विनसै थिर रहै, यह तो वस्तु वखान।
जो मरजादा वस्तुकी, सो सत्ता परवांन॥२०॥

અર્થ :—જે પર્યાયોથી ઉત્પન્ન અને નષ્ટ થાય છે પણ સ્વરૂપે સ્થિર રહે છે તેને દ્રવ્ય કહે છે, અને દ્રવ્યના ક્ષેત્રાવગાહને સત્તા કહે છે.

થિરતા એક સમયમેં, ઉપજે-વિણસે તબહી,
ઉલટ-પલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી,
અવધૂ નટ-નાગરકી બાજી.....

ભગવાન! લોકના નગરના નટની બાજી–મર્યાદા એવી છે કે એક જ સમયમાં વસ્તુ સ્થિર રહીને પર્યાયથી ઊપજે છે અને વિણસે છે એટલે કે જૂની અવસ્થાથી વસ્તુ વ્યય પામે છે એ જ સમયે નવી અવસ્થાથી ઊપજે છે અને વસ્તુપણે ધ્રુવ રહે છે એવી વસ્તુની મર્યાદા છે અને વસ્તુનું ક્ષેત્ર એ જ એની સત્તા છે. વસ્તુ પોતાના ક્ષેત્રથી બહાર જતી નથી.

लोकालोक मान एक सत्ता है आकाश दर्व,
धर्म दर्व एक सत्ता लोक परमिति है।
लोक परवान एक सत्ता है अधर्म दर्व,
कालके अनू असंख सत्ता अगनिति है॥

पुद्गल सुद्ध परवानुकी अनंत सत्ता,
जीवकी अनंत सत्ता न्यारी न्यारी छिति है।
कोऊ सत्ता काहूसौं न मिलि एकमेक होइ,
सबै असहाय यौं अनादिहीकी थिति है॥२१॥

અર્થ :—આકાશદ્રવ્ય એક છે, તેની સત્તા લોક-અલોકમાં છે. ધર્મદ્રવ્ય એક છે, તેની સત્તા લોકપ્રમાણ છે. અધર્મદ્રવ્ય એક છે, તેની સત્તા લોકપ્રમાણ છે. કાળના અણુ અસંખ્યાત છે, તેની સત્તા અસંખ્યાત છે, પુદ્‌ગલ દ્રવ્ય અનંતાનંત છે તેની સત્તા અનંતાનંત છે, જીવદ્રવ્ય અનંતાનંત છે તેની સત્તા અનંતાનંત છે. આ છએ દ્રવ્યોની સત્તાઓ જુદી છે, કોઈ સત્તા કોઈની સાથે મળતી નથી અને એકમેક પણ થતી નથી. નિશ્ચયનયમાં કોઈ કોઈને આશ્રિત નથી, સર્વ સ્વાધીન છે. આ પ્રમાણે અનાદિકાળથી ચાલતું આવ્યું છે.

આ છ દ્રવ્યની સંખ્યા અને તેનું ક્ષેત્ર બતાવ્યું છે. દિગંબર સંપ્રદાયમાં કાળ દ્રવ્ય અસંખ્યાત કહ્યાં છે અને તેની સત્તા એક એક લોકાકાશના પ્રદેશ ઉપર છે એમ કહ્યું છે. શ્વેતાંબરમાં પણ એક હેમચંદ્રાચાર્ય થઈ ગયા તેમણે યોગશાસ્ત્રમાં કાળદ્રવ્યની સત્તા કહી છે. બાકી શ્વેતાંબરના શાસ્ત્રોમાં 'કાળ'ને જીવ-અજીવની પર્યાય જ કહી છે. 'કાળદ્રવ્ય' કહ્યું નથી. અહીં તો કહે છે કે કાળદ્રવ્ય અગણિત છે. તેની સ્વતંત્ર સત્તા છે. અનંત પર્યાયોવાળું એ પણ દ્રવ્ય છે. અનાદિ-અનંત વસ્તુ છે. કાળ કોઈ દ્રવ્ય નથી એમ નથી. કાળદ્રવ્ય સહિત છએ દ્રવ્યને જીવની એક સમયની પર્યાય જાણી લે એવી જીવની એક પર્યાયની તાકાત છે. માટે છએ દ્રવ્યને માને ત્યારે તો એને જીવની એક પર્યાયની પૂર્ણતાનો સ્વીકાર થયો ગણાય. છ દ્રવ્યમાંથી ઓછા માને છે તેને તો આત્માની એક પર્યાયની પૂર્ણશક્તિનો સ્વીકાર નથી. આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે તેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એવું જ તેની સત્તાનું સામર્થ્ય છે. જીવદ્રવ્ય તો એવી અનંતી પર્યાયવાળા અનંતગુણોનું એક પિંડ છે.

पुद्गल सुद्ध परवानुकी अनंत सत्ता એક એક રજકણને ભિન્ન ગણો તો પુદ્‌ગલની સત્તા અનંત છે અને અનાદિની છે. કોઈ સત્તાનું બીજી સત્તામાં કદી ભેળસેળ થતું નથી. એક અંગુલના અસંખ્યમાં ભાગમાં નિગોદના એક એક શરીરમાં અનંતા જીવ રહેલાં છે તે બધાંની સત્તા ભિન્ન-ભિન્ન સ્વતંત્ર છે. બટાટા, લીલફૂગ, કંદમૂળ આદિની એક એક કટકીમાં સિદ્ધો કરતાં અનંતગુણા જીવ છે એ બધાં જીવના જ્ઞાનના જ્ઞેય છે તે જ્ઞેયોનો સ્વીકાર નથી તેને જ્ઞાનની પર્યાયનો પણ સ્વીકાર નથી અને જેને પર્યાયનો સ્વીકાર ન હોય

તેને દ્રવ્યનો સ્વીકાર તો હોય જ નહિ. માટે, કોઈ એક જીવદ્રવ્યને જ માને છે, કોઈ જીવ અને પુદ્‌ગલ બે જ દ્રવ્ય માને છે, કોઈ કાળ સિવાયના પાંચ દ્રવ્યને જ માને છે, એ બધાંને જીવની એક પર્યાયની શકિતનો પણ ભરોંસો નથી–સ્વીકાર નથી માટે તેમને જીવદ્રવ્યનો પણ ખરેખર સ્વીકાર નથી.

દરેક દ્રવ્યની સત્તા અનાદિ-અનંત સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કર્તા, હર્તા કે ભોકતા નથી. છઢાળામાં આવે છે કે લોકનો કોઈ કર્તા નથી, ધારી રાખનાર નથી કે નાશ કરનાર નથી.

जीवकी अनंत सत्ता न्यारी न्यारी छिति है। દરેક જીવ પોતાની સ્વતંત્ર સત્તામાં–પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલો છે. કંદમૂળમાં એક કટકીમાં અસંખ્ય તો શરીર છ અને એક એક શરીરમાં અનંત જીવ છે તે દરેકની સત્તા ભિન્ન ભિન્ન છે. સૌ પોતપોતાની સત્તામાં કાર્ય કરી રહ્યા છે, પરસત્તા સાથે કોઈને કાંઈ સંબંધ નથી. ત્યાંથી નીકળીને એક જીવ મનુષ્ય થાય છે તો બીજો જીવ વળી ત્યાંને ત્યાં નિગોદમાં ઉપજે છે. કોઈ જીવ ભવિં છે તો કોઈ અભવિ છે. આમ દરેકની સત્તા અને તેનું પરિણમન ભિન્ન ભિન્ન છે. જીવની સંખ્યા કરતાં પુદ્‌ગલના પરમાણુની સંખ્યા અનંતગણી છે. એક એક મોટા સ્કંધમાં અનંત પરમાણુ રહેલા છે તે બધાંની સત્તા જુદી જુદી છે. તે કોઈ બીજાંની સત્તામાં ભળી જતાં નથી. સ્કંધમાં દરેક પરમાણુ સ્થૂળ પરિણમનમાં આવ્યા છે તે પણ પોતાથી જ છે. સ્થૂળ સત્તાના પરિણમનમાં આવ્યા છે માટે પરમાણુ સ્થૂળ પરિણમ્યા છે એમ પણ નથી. પોતાની યોગ્યતાથી જ સ્થૂળપણે પરિણમ્યા છે.

ત્રણકાળમાં કોઈ સત્તા બીજી સત્તામાં ભળીને એકમેક થતી નથી. સિદ્ધમાં તો જ્યોતમાં જ્યોત ભળી જતી હશે ને?–ના. સૌ સિદ્ધ પોત-પોતાનાં અનુભવમાં રહેલાં છે. કોઈના કારણે કોઈનો અનુભવ નથી. જ્યાં સિદ્ધો છે ત્યાં જ અનંતા નિગોદના જીવો પણ છે પણ સૌ પોતપોતાની સત્તાનો અનુભવ કરે છે. સ્થૂળપણે પરિણમન હો કે સૂક્ષ્મપણે પરિણમન હો બધામાં પોતાનું સ્વતંત્રપણે પરિણમન છે. બીજાં દ્રવ્યના કારણે આ દ્રવ્યનું પરિણમન નથી. સંયોગમાં અથવા વ્યંજનપર્યાયમાં એમ લાગે કે આ અનેક દ્રવ્યોનું એક જ પરિણમન છે પણ એમ નથી.

જીવની પર્યાયમાં બગાડ છે તે જીવથી પોતાથી છે, કર્મના કારણે જીવમાં બગાડ થતો નથી. બગાડ એટલે અશુદ્ધતા. દરેક દ્રવ્ય અસહાય છે–બીજાંના સહારે નથી. સૌની સત્તા નિરાળી-નિરાળી છે. પંચાધ્યાયીમાં આઠમાં શ્લોકમાં કહ્યું છે કે બધાં દ્રવ્યો સ્વસહાય

અને નિર્વિકલ્પ છે. આ બધું વાંચીને અંદરમાં ભાવ બેસવો જોઈએ. ઉપર ટપકે વાંચી લેવાથી ન સમજાય.

આ લાકડી ઊંચી કરવી હોય તો હાથની આંગળીઓનો સહારો તો જોઈએ ને? –ના. સૌ પરમાણુ પોતાના ઉત્પાદ-વ્યયના કર્તા છે. તેને બીજાંના સહારાની જરૂર નથી. બે દ્રવ્ય વચ્ચે આધાર-આધેય સંબંધ કે કર્તા-કર્મ સંબંધ બિલકુલ નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે એમ પોતાની પર્યાયમાં જાણે અને એવી અનંત પર્યાયોનો પિંડ હું એક દ્રવ્ય છું એમ દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આવી વસ્તુની સ્થિતિ છે તેને ભગવાને બનાવી નથી પણ જાણી છે અને કહી છે.

सवै असहाय यौं अनादिहीकी थिति है। દરેક દ્રવ્ય અનાદિથી પોતાના સ્વતંત્ર સ્વરૂપથી જ છે તેમાં આ લોક અને આ બધી રચના કઈ રીતે થઈ એ સવાલ જ નથી. બધું છે જ, નવું થયું નથી. અનાદિની આ મર્યાદા છે. એક આત્માના કારણે બીજાં આત્માનું પરિણમન થાય કે એક પરમાણુના કારણે બીજો પરિણમે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. વસ્તુસ્થિતિથી કોઈ કોઈને આશ્રયે નથી, બધાં સ્વાધીન છે. દરેક સિદ્ધ સ્વાધીન...નિગોદના દરેક જીવ સ્વાધીન, એક એક પરમાણુ સ્વાધીન...દરેક દ્રવ્ય સ્વાધીન છે. આત્મા રાગ કરે છે માટે પરમાણુને કર્મપણે પરિણમવું પડે છે એમ નથી અને કર્મનો ઉદય આવ્યો માટે જીવને અશુદ્ધપણે પરિણમવું પડે છે એમ નથી.

રાજકોટમાં એકવાર પ્રશ્ન થયો હતો કે જીવ રાગ કરે તો જ પુદ્ગલ પરમાણુને કર્મપણે પરિણમવું પડે ને? ના. તને વસ્તુસ્થિતિની ખબર નથી. પરમાણુ જીવના રાગની સહાય વિના પોતાથી જ કર્મપર્યાયે પરિણમે છે અને આત્મા પણ કર્મના ઉદયની સહાય વિના રાગપણે પરિણમે છે. દરેક દ્રવ્ય પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં રહેલાં છે, કોઈના કારણે કોઈના ઉત્પાદ-વ્યય હોઈ શકે નહીં.

ઘણાંને એમ પ્રશ્ન રહ્યાં જ કરે કે એક દ્રવ્યને બીજાં દ્રવ્યની કાંઈક થોડી સહાય તો જોઈએ ને! આ ચોપડી અહીંથી ઉપાડીને બીજે મૂકવી હોય તો હાથ આદિનો સહારો જોઈએ તો ખરો ને? ભાઈ! કોઈના હોવાપણામાં અન્ય કોઈના હોવાપણાની બિલકુલ મદદ નથી. આવી વસ્તુસ્થિતિ છે. તેની શ્રદ્ધા હજુ વ્યવહારથી (વિકલ્પમાં) પણ ન બેસે ત્યાં સુધી આગળ ક્યાંથી વધશે?

અંશદૃષ્ટિમાં રોકાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યદૃષ્ટિ થતાં પર્યાય છે તેનું જ્ઞાન હોય

પણ દ્રવ્યદૃષ્ટિ વિના પર્યાયમાં જ મૂઢ છે તે તો પરસમય છે. પર્યાય–અંશમાં જ એકત્વ માનનારો તો પરને પોતાનું માને છે. આખા દ્રવ્યને માનતો નથી.

'સત્તા' કહેતાં જ તેમાં આખું હોવાપણું આવી ગયું. સત્તાનું હોવાપણું પરને કારણે હોય એમ બને જ નહિ. દ્રવ્ય દ્રવ્યથી છે, પર્યાયથી નથી. 'ઉત્પાદ્ ઉત્પન્ન થતાં અંશનો છે, 'વ્યય' નષ્ટ થતાં અંશનો છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે. આખા દ્રવ્યનો નાશ કે ઉત્પાદ્ નથી. એક સમયમાં પૂર્ણ સામર્થ્યવાળી સત્તાના ક્ષેત્રમાં બીજાં અનંત જીવો રહેલાં હોવા છતાં એક બીજામાં કોઈનો પ્રવેશ નથી. પોતાના તત્ત્વને ત્રિકાળ હોવાપણે માને ત્યારે જ તેણે પોતાના સ્વરૂપને જાણ્યું કહેવાય. ત્રિકાળ તત્ત્વની શ્રદ્ધા કરનાર પર્યાય છે. માટે કથંચિત્ પર્યાય પણ છે. દ્રવ્યમાં પર્યાય છે જ નહિ એમ માનીને દ્રવ્યનો સ્વીકાર કરે છે તે તો અજ્ઞાન છે. એકબાજુ નિયમસારમાં પર્યાયને પરદ્રવ્ય કહી અને વળી પર્યાય વડે જ દ્રવ્ય જણાય છે તો શું પરદ્રવ્ય વડે સ્વદ્રવ્ય જણાય છે એમ કહેવું છે? ના. ભાઈ! આ તો વીતરાગમારગ છે તેમાં જે અપેક્ષાથી જે કથન હોય તેને તે અપેક્ષાથી સમજવું જોઈએ. વાદ-વિવાદ કરવાનો ન હોય. આ તો ચોરાશીના અવતારમાંથી ઉગરવાના કાળ છે તેમાં વાદમાં રોકાવું એ પણ ક્લેશ છે. રાગી જીવને સત્યને સ્થાપવામાં રાગ છે અને અસત્યને ઉથાપવામાં જરા દ્વેષનો અંશ છે. ગજબ વાત છે ને! રાગી જીવને રાગ હોય છે. રાગ વિનાના પરમાત્માને તો વીતરાગભાવે વાણી નીકળે છે.

सबै असहाय यौं अनादिहीकी थिति है। સર્વ પદાર્થ પરની સહાય વિનાના છે. એવી વસ્તુસ્થિતિ અનાદિની છે, નવી નથી પણ હજુ વિકલ્પાત્મક જ્ઞાનમાં પરથી ભિન્નતા પણ બેસતી નથી તેને વિકલ્પની પણ અપેક્ષા વિનાનું દ્રવ્ય કેવી રીતે લક્ષમાં આવશે? પોતે પોતાની સેવના કદી કરી નથી. આંખ બંધ થતાં અંધારું થઈ જશે બાપા! એ પહેલાં આ તત્ત્વને શ્રદ્ધામાં બેસાડી લે! જો આ તત્ત્વની શ્રદ્ધા અને સેવા ન કરી તો પરની સેવા નહિ છૂટે.

एई छहौं दर्व इनहीकौ है जगतजाल,
तामैं पांच जड़ एक चेतन सुजान है।
काहूकी अनंत सत्ता काहूसौ न मिलै कोइ,
एक एक सत्तामैं अनंत गुन गान है॥
एक एक सत्तामैं अनंत परजाइ फिरै,
एकमैं अनेक इहि भांति परवान है।

यहै स्यादवाद यहै संतनिकी मरजाद,

यहै सुख पोख यह मोखकौ निदान है॥२२॥

અર્થ :—ઉપર કહેલાં જે છ દ્રવ્યો છે એમનાથી જ જગત ઉત્પન્ન છે. આ છ દ્રવ્યોમાં પાંચ અચેતન છે, એક ચેતનદ્રવ્ય જ્ઞાનમય છે. કોઈની અનંતસત્તા કોઈની સાથે કદી મળતી નથી. પ્રત્યેક સત્તામાં અનંત ગુણસમૂહ છે અને અનંત અવસ્થાઓ છે. આ રીતે એકમાં અનેક જાણવા–એ જ સ્યાદ્‌વાદ છે. એ જ સત્પુરુષોનું અખંડિત કથન છે, એ જ આનંદવર્ધક છે અને એ જ મોક્ષનું કારણ છે.

છ પ્રકારના દ્રવ્યોથી જગત બનેલું છે તેમાં દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કર્મની સત્તાથી જીવની સત્તા નથી અને જીવથી કર્મની સત્તા નથી. આ વાત હજુ ધારણામાં પણ ન બેસે તો અંતર અનુભવમાં બેસવું તો બહુ કઠણ છે.

મરણ પથારીએ પોતે પડ્યો હોય, આખું મોટું કુટુંબ ભેગું થયું હોય, પણ છે કોઈ શરણ? પરદ્રવ્ય કેવી રીતે શરણ આપી શકે? ભાઈ મરી જાય પછી બાયુ રોવે કે અરે! ભર્યા ઘરમાંથી તને નીકળવું તે કેમ ગમ્યું?...અરે! પણ એને ક્યાં જવું હતું?...ખરેખર તો ભર્યું ઘર અંદરમાં છે ત્યાં આવવું તને કેમ ગમતું નથી. ભાઈ! તારે કોઈની પરની સહાય–મદદની જરૂર નથી.

એક તરફ શાસ્ત્ર કહે કે જીવ અને પુદ્‌ગલ ધર્માસ્તિકાયની સહાયથી ગતિ કરે છે અને અહીં કહે કે કોઈ દ્રવ્યને પરદ્રવ્યની સહાયની જરૂર નથી. હા. કોઈને કોઈની સહાયની જરૂર નથી એવા સર્વ દ્રવ્ય 'અસહાય' ગુણધારી છે એ વાત તો નક્કી છે અને ધર્માસ્તિકાયની સહાયની વાત કરી છે તે નિમિત્તનું જ્ઞાન કરવા માટેની વાત છે.

એક એક સત્તામાં અનંત ગુણ છે અને અનંત પર્યાય છે. સમયે સમયે પર્યાય બદલાય છે તે પોતાના કારણે બદલાય છે, પરના કારણે પર્યાય બદલાતી નથી. વસ્તુ એક છે પણ તેમાં ગુણ અને પર્યાય અનેક છે. એ રીતે એકમાં અનેક છે એવું સ્યાદ્‌વાદ છે અને એ જ સત્પુરુષોનું અખંડિત કથન છે. અનાદિ સનાતન ભગવાન સર્વજ્ઞ અને સંતોનું આ ખંડિત ન થાય તેવું કથન છે. માટે અજ્ઞાનીઓનું કથન સાંભળીને સર્વજ્ઞના કથનમાં સંદેહ ન કરવો. આત્મા એક જ છે, આત્મા સર્વવ્યાપક છે, બીજાં કોઈ દ્રવ્ય જ નથી એવી અજ્ઞાનીની વાતમાં ફસાવું નહિ. દરેક દ્રવ્યનું વ્યાપકપણું પોતાની સત્તામાં છે. પરસત્તામાં કોઈનું કાંઈ નથી. કોઈનો પથારો કોઈમાં નથી. દરેક સત્તાને ભિન્ન ભિન્ન સ્વતંત્ર સ્વીકારવી

એ જ સુખનો પંથ છે, આનંદનો દેનારો છે. સાધુઓ અને સંતો આ જ માર્ગ બતાવી રહ્યાં છે. આ માર્ગ જ આનંદવર્ધક છે.

અરે! એક સમયમાં અનંત પદાર્થોને જાણવાની જેની એક સમયની પર્યાયની તાકાત છે એવા અખંડ આત્માને ખંડ ખંડ માનવો એ મોટો અપરાધ છે. મારી સત્તા પરથી ભિન્ન છે, મારા ગુણ-પર્યાય મારા કારણે રહે છે અને મારા કારણે પર્યાય ફરે છે તેમાં પરની સહાય નથી. એવું દૃષ્ટિમાં લેવાથી જૂઠી દૃષ્ટિ ટળીને સમ્યક્ દૃષ્ટિ થાય છે. પર્યાયદૃષ્ટિ ટળીને દ્રવ્યદૃષ્ટિ થાય છે, એ જ સુખનું સાધન છે. એ જ મોક્ષનો પંથ છે.

*(ક્રમશઃ)*

---

(ખરેખર તો.....પેઈજ ૬ થી ચાલુ)

કારણે એકરૂપ અનંત અનંત આનંદ પ્રગટ થઈ ગયો છે માટે તે શાશ્વત રહેનાર છે. વિકારીદશા હતી તે અનેકરૂપ હતી તેનો નાશ કરીને જે અવિકારદશા પ્રગટ થઈ તે સદા એકરૂપ છે. અનેકતાનો નાશ થયો, એકરૂપ અનંત આનંદ પ્રગટ થયો તે પોતાના અતિશયના કારણે શાશ્વત સુખી રહેશે. વળી કેવું છે? 'स्वस्य अचले महिम्नि लीनं' પોતાના નિષ્કમ્પ પ્રતાપમાં મગ્નરૂપ છે. પોતાના અખંડિત પ્રતાપથી શોભાયમાન છે. ભાવાર્થ આમ છે કે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષમાં આત્મદ્રવ્ય સ્વાધીન છે, અન્યત્ર ચતુર્ગતિમાં જીવ પરાધીન છે. ભલે દેવગતિ હો કે મનુષ્ય હો કે તિર્યંચ અને નરકગતિમાં હો, બધામાં આત્મા પરાધીન છે. એક મોક્ષગતિમાં જ આત્મા સ્વાધીન છે માટે સુખી છે.

આ મોક્ષનું સ્વરૂપ કહ્યું. અહીં મોક્ષ અધિકાર સમાપ્ત થયો.

---

સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનારા છે. છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે જાણે મુટ્ઠીથી આકાશનો નાશ કરે છે અથવા વ્યાકુળ થઈને સૂકી નદી તરે છે અથવા તરસથી પીડાઈને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે.

*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશત, અનિત્ય પંચાશત્, શ્લોક-૪૩)*

ગુજરાત પ્રદેશની પ્રમુખ નગરી જામનગર (સૌરાષ્ટ્ર)માં સાનંદ સંપન્ન

# શ્રી જિનબિમ્બ-પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૬-૨-૨૦૦૫ થી તા. ૧૩-૨-૨૦૦૫

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રભાવનોદય-અંતર્ગત જામનગરમાં તા. ૬ થી ૧૩ ફેબ્રુઆરી સુધી પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ સહૃદય શ્રદ્ધાભક્તિવંત હજારો મુમુક્ષુઓના ઉત્સાહભર્યા ભક્ત્યુલ્લાસમય વાતાવરણમાં સાનંદ ઊજવવામાં આવ્યો. સૌરાષ્ટ્ર, ગુજરાત, વિભિન્ન હિન્દીભાષી-પ્રદેશ, દક્ષિણભારત તથા નાઈરોબી (કેન્યા), લંડન વગેરે વિભિન્ન ક્ષેત્રોથી લગભગ ચાર હજારથી વધુ મુમુક્ષુ આ મંગલ મહોત્સવનો અનુપમ લાભ લેવા પધાર્યા હતા. ખંડવા, ભોપાલ, ઈન્દોર, ઉદયપુર, કુરાવડ, દિલ્હી, કલકત્તા, મુંબઈ, ચેન્નાઈ, હૈદરાબાદ, બેંગલોર, સાગર આદિ અનેક સ્થાનોથી સેંકડો હિંદીભાષી મહેમાન પણ આ અનુપમ અવસરનો લાભ લેવા પધાર્યા હતા.

આ મંગલમય મહોત્સવની ચમત્કૃતિપૂર્ણ પ્રભાવકતાનો મૂળ આધાર તો આપણા તારણહાર પરમ કૃપાળુ પૂજ્ય કહાનગુરુદેવનો સાતિશય પ્રભાવનોદય જ છે. તેને ચમકાવવાનો અનુપમ યશ પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને છે. તેઓની આનંદવર્ધિની મંગલ ઉપકાર-છાયામાં ઊજવવામાં આવેલ આ મહોત્સવના અવસર પર અનેક મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવના મુખારવિંદથી પ્રસ્તુત શબ્દાવલિ—તેમનો (બહેનશ્રી ચંપાબેનનો) જયજયકાર થશે. અલૌકિક દ્રવ્ય છે, તેઓની લાઈન જ જુદી છે—યાદ આવતી હતી, જેનાથી તે મુમુક્ષુઓનો આત્મા ભક્તિભાવ તથા પ્રસન્નતાથી દ્રવિત થઈ જતો હતો. આપણા આદરણીય, આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહના પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ માટે આનંદોલ્લાસવર્ધક એવા શુભ આશીર્વાદ છે કે-(પ્રતિષ્ઠોત્સવના) બધા કાર્યોમાં (તમે લોકો) સફળ થાઓ અને બધું સુખરૂપ નિષ્પન્ન થાઓ. શુદ્ધભાવ સહિત શુભભાવ હોય તો પંચકલ્યાણક ઊજવ્યો કહેવાય; માટે શુદ્ધભાવનું લક્ષ ચૂકવું નહીં.

પોષ વદ બારશના શુભ દિવસે શરૂ થયેલ આ મહોત્સવના આગલા દિવસે પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની તથા ઝંડારોહણ ઈત્યાદિની જે 'બોલી' બોલવામાં આવી હતી તે શરૂઆતની બોલીમાં જ 'શ્રી' ની વર્ષાનો પ્રારંભ થઈ ગયો હતો, જેનાથી મુમુક્ષુઓમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના પદાર્પણથી પાવનભૂત આ ભૂમિમાં બીજીવાર થવાવાળા આ પંચકલ્યાણક- મહોત્સવને અસાધારણ આનંદોત્સાહથી ઊજવવાના પ્રમોદના દર્શન થતાં હતાં. (પહેલીવાર વિ.સં. ૨૦૧૭માં પૂજ્ય ગુરુદેવની મંગલ ઉપસ્થિતિમાં શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરની પ્રતિષ્ઠા માટે પંચકલ્યાણક મહોત્સવ ઉજવાયો હતો.)

વિધનાયક શ્રી મહાવીરભગવાનના માતા-પિતાના રૂપમાં મોરબીનિવાસી શ્રી ઈન્દુભાઈ રતીલાલ સંઘવી તથા તેમનાં ધર્મપત્ની શ્રી પ્રમીલાબેનનો તથા સૌધર્મેન્દ્ર તથા શચી ઈન્દ્રાણીના રૂપમાં જામનગરવાસી શ્રી બિપીનભાઈ ત્રંબકલાલ વાધર તથા તેમનાં ધર્મપત્ની નિરૂપમાબેનને સ્થાપિત કરવામાં આવ્યાં હતાં.

જામનગર મુમુક્ષુમંડળમાં મહોત્સવમય વાતાવરણનો શુભારંભ તો ઘણા દિવસોથી થઈ ગયો હતો. પ્રતિષ્ઠેય ભવ્ય જિનબિમ્બોનું મંગલ પદાર્પણ થતાં મુમુક્ષુઓમાં હર્ષાનંદની કોઈ સીમા ન હતી. પ્રતિષ્ઠેય જિનબિંબના ભવ્ય સ્વાગતના રૂપમાં ભવ્ય શોભાયાત્રા આયોજિત કરવામાં આવી હતી, જેમાં અનેક મહાનુભાવોએ ઉત્સાહપૂર્ણ લાભ લીધો હતો.

## ★ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાનો શાસ્ત્રસંમત વિવિધ ક્રમ ★

શ્રી જિનબિંબપ્રતિષ્ઠોત્સવની પવિત્ર વિધિના ક્રમાનુસાર તા. ૬-૨-૨૦૦૫ના દિવસે ક્રમશઃ શાન્તિજાપ પ્રારંભ પ્રતિષ્ઠામંડપશુદ્ધિ, જેમના મંગલકારી આશ્રયમાં આ પ્રતિષ્ઠોત્સવ ઉજવાઈ ગયો તે વિધિ-અધ્યક્ષ પરમપૂજ્ય શ્રી આદિનાથ ભગવાનના પ્રતિષ્ઠિત જિનબિંબને શોભાયાત્રાપૂર્વક વિધિમંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાન્દીવિધાન (પ્રતિષ્ઠાવેદીમાં મંગલ કુંભ સ્થાપન), અખંડદીપ-પ્રદીપન, ધર્મધ્વજારોહણ, શ્રી પંચપરમેષ્ઠિમંડલ વિધાનપૂજા; તા. ૭-૨-૨૦૦૫ના દિવસે દેવ-શાસ્ત્ર-ગુરુપૂજાપૂર્વક આચાર્ય-અનુજ્ઞા, ઇન્દ્રશોભાયાત્રા; તા. ૮-૨-૨૦૦૫ના દિવસે શ્રી યાગમંડલપૂજા, ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયા; તા. ૯-૨-૨૦૦૫ના દિવસે ગર્ભકલ્યાણક, સ્વપ્નફલદર્શન, જલયાત્રા, વેદિ-કલશ-ધ્વજશુદ્ધિ, ગર્ભકલ્યાણકની શેષ ક્રિયા (શ્રી હ્રિ આદિ ૮ કુમારિકા દેવિયોનો માતાની સાથે અધ્યાત્મ વાર્તાલાપ તથા ૫૬ કુમારિકા દેવી માતાની સેવામાં નિયુક્ત); તા. ૧૦-૨-૨૦૦૫ના દિવસે જન્મકલ્યાણક, જન્માભિષેક-શોભાયાત્રા, પાંડુકશિલા ઉપર જન્માભિષેક, મહેલમાં ઇન્દ્રો દ્વારા જન્મકલ્યાણકપૂજા, તાંડવનૃત્ય, પારણાઝૂલન, રાજ્યાભિષેક, મહારાજા મહાવીરનું સમાગત રાજાઓ દ્વારા અભિવાદન; તા. ૧૧-૨-૨૦૦૫ના દિવસે લગ્ન-પ્રસ્તાવન, મહાવીર વૈરાગ્ય, ભગવતી જિનદીક્ષા માટે વનપ્રયાણ, દીક્ષા શોભાયાત્રા, દીક્ષાગ્રહણવિધિ, દીક્ષાવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું વૈરાગ્ય-પ્રવચન તથા વૈરાગ્યભક્તિ, ઇન્દ્રો દ્વારા ક્ષીરસમુદ્રમાં તીર્થંકર-કેશક્ષેપણવિધિ, તપકલ્યાણકપૂજા, તીર્થંકર-મુનિરાજ શ્રી મહાવીર-સાધનાદર્શન, મહાવીર-પૂર્વભવદર્શન; તા. ૧૨-૨-૨૦૦૫ના દિવસે શ્રી મહાવીર મુનિવરને આહારદાન, અંકન્યાસવિધિ, ક્ષપકશ્રેણી-આરોહણ, કેવલજ્ઞાનકલ્યાણક, સમવસરણ રચના, ઇન્દ્રો દ્વારા કેવળજ્ઞાનકલ્યાણકપૂજા, જિનવરવિહાર તથા વિભિન્ન નગરોમાં દેશના, તા, ૧૩-૨-૨૦૦૫ના દિવસે નિર્વાણકલ્યાણક- સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિ, શાન્તિભક્તિ, નિર્વાણપૂજા, પ્રતિષ્ઠિત જિનબિંબોને શોભાયાત્રાપૂર્વક જિનમંદિરમાં લાવવાની મંગલવિધિ, પ્રતિષ્ઠાપનની પૂર્વવિધિ, વેદી પર શ્રી જિનબિંબ-સ્થાપનની મંગલવિધિ, કળશ- ધ્વજારોહણ, જિનવાણીપ્રતિષ્ઠા, પૂજ્ય ગુરુદેવની મનોહર પ્રતિકૃતિ (સ્ટેચ્યુ)ની સંસ્થાપનવિધિ, તથા ભવ્ય ચિત્રપટની અનાવરણવિધિ, શાન્તિયજ્ઞ તથા અન્તમાં પ્રતિષ્ઠોત્સવ-સમાપન-રથયાત્રા. પ્રતિષ્ઠાના વિધિવિધાન ઉપરાંત સમાગત દર્શકોને પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ સી. ડી. ટેપપ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચાનો, વિભિન્ન વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચનોનો તથા ધાર્મિક શિક્ષણનો પણ સુંદર લાભ મળતો હતો. બાલક-બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરાતો હતો. આ બધા કાર્યક્રમો સુંદર તેમ જ પ્રાયઃ નિશ્ચિત સમયાવધિમાં પૂરા થઈ જતા હતા.

પ્રતિષ્ઠાના આશ્ચર્યકારી અનુપમ દશ્યોને જોઈને પ્રેક્ષક-મુમુક્ષુ વૃંદને અંતરમાં એવો અનુભવ

થતો હતો કે–નિર્દોષ સમ્યગ્દર્શનની ઉત્પત્તિના બાહ્ય નિમિત્તકારણોમાં એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (પંચકલ્યાણક–પ્રતિષ્ઠાદર્શન) કહ્યું છે તે વસ્તુતઃ સત્ય છે. અનેક મુમુક્ષુઓને નિમ્ન પંક્તિઓ પુનઃ પુનઃ યાદ આવતી હતી.

કલ્યાણ-કાલ પ્રત્યક્ષ પ્રભુકો લખે જે સુરનર ધને,
તિહ સમયકી આનંદ મહિમા કહત ક્યોં મુખસોં બને.

આ પંચકલ્યાણકના સ્વર્ણિમ અવસર પર આયોજિત કરવામાં આવેલી વિવિધ શોભાયાત્રાઓની શાન પણ ઘણી અદ્ભુત હતી. આખો માર્ગ માનવસમુદાયોથી ઉભરાતો હતો. શોભાયાત્રામાં ધર્મધ્વજયુક્ત ગજેન્દ્ર, જિનેન્દ્રરથ, જિનવાણીયુક્ત અનેક બગીઓ, ભજનમંડળીઓ, 'ડાંડિયા-રાસ' લેવાવાળા મહિલા મંડળ અને હજારો મુમુક્ષુઓની સમુપસ્થિતિ ઈત્યાદિથી ઉત્સવની શાન જ કોઈ અવર્ણનીય હતી! જામનગર નગરી હકીકતમાં કુંડલપુર બની ગઈ હતી. જન્મ-કલ્યાણકની શોભાયાત્રાના તથા પાંડુકશિલા પર જન્માભિષેકના અનુપમ દૃશ્ય તો ભક્તોને ખૂબ પ્રમુદિત કરતાં હતાં. આવું અનુપમ સૌભાગ્ય જેમના પવિત્ર તથા પરમ પ્રતાપથી મુમુક્ષુ જગતને સમુપલબ્ધ થયું એવા આપણા પરમ તારણહાર કહાનગુરુદેવ તથા પ્રશમમૂર્તિ સ્વાનુભૂતિવિભૂષિત પૂજ્ય બહેનશ્રી પ્રતિ મુમુક્ષુ મહાસાગર ઉપકૃતતાની ભાવનાયુક્ત અસાધારણ ભક્તિભાવથી ઉછળી જતો હતો. પરમોપકારી ઉભય ધર્માત્માઓના જયનાદથી વાતાવરણ આનંદસિક્ત થઈ જતું હતું.

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પંચકલ્યાણકપૂર્વક પ્રતિષ્ઠા થયા પછી વીર નિ. સં. ૨૫૩૧, વિ. સં. ૨૦૬૧, માઘ સુદ ૫ (વસંત પંચમી) રવિવારના શુભ દિવસે સવારે શુભ મુહૂર્તમાં ભવ્ય વેદી પર મૂલનાયક શ્રી સીમંધર ભગવાન તેમની આજુબાજુ ભગવાન શ્રી નેમીનાથ તથા શાન્તિનાથ ભગવાનના ભવ્ય વીતરાગ ભાવવાહી જિનબિમ્બ બિરાજમાન કરવાની મંગલવિધિ સંપન્ન થઈ હતી. એ પછી કલશારોહણ, ધ્વજારોહણ, સમયસાર આદિ પંચ પરમાગમ આદિ જિનવાણીની પ્રતિષ્ઠા, સ્વાધ્યાયકક્ષમાં પૂજ્ય ગુરુદેવના મનોહર 'સ્ટેચ્યુ'નું સંસ્થાપન, ચિત્રપટોનું અનાવરણ ઈત્યાદિ અનેક વિધિ સંપન્ન થઈ હતી. તા. ૧૩-૨-૨૦૦૫ના દિવસે સવારે જિનમંદિરમાં મૂલનાયક શ્રી સીમંધરસ્વામી તથા અન્ય જિનબિંબોની બિરાજમાનવિધિ તથા શાંતિયજ્ઞ નિર્વિઘ્ન સમાપ્ત થયા હતા. ત્યાંના બધા મુમુક્ષુ કહેતા હતા કે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતાના પ્રભાવના ઉદયનો તથા આદરણીય પંડિતજીની આશિષનો આ આશ્ચર્યકારક ચમત્કારી પ્રભાવ છે કે આપણા મહોત્સવના સમયે જરાપણ વિઘ્ન આવ્યું નહીં. અહો! અદ્ભુત મહિમા છે આ વીતરાગ દેવ-ગુરુ-ધર્મનો અને પૂજ્ય કહાનગુરુદેવનો તથા ભગવતી માતાનો.

અહા! જેવી પ્રતિષ્ઠા મહોત્સવની નિમંત્રણ-પત્રિકા ઘણી જ સુશોભિત તથા ચિત્તાકર્ષક હતી, તેવી જ ભવ્ય તથા મનોહર પ્રતિષ્ઠામંડપ તથા પ્રતિષ્ઠાવેદી, મુખ્ય પ્રવેશદ્વાર, પૂજ્ય ગુરુદેવના કરકમલથી અંકન્યાસવિધિ તથા પૂજ્ય બહેનશ્રીના કરકમલથી સ્વસ્તિક-અંકનવિધિ વગેરે વિભિન્ન ભવ્ય વિશાળ ચિત્રપટ, પંચકલ્યાણકના અનુરૂપ જિનેન્દ્રભક્તિમય સુંદર સુત્રવાક્ય, મનઃપ્રસાદકારી વિવિધ પ્રકારની રોશની વગેરે અનેકવિધ સાજસામાનથી ઉત્સવની 'શોભાશ્રી'માં ચાર ચાંદ લાગી ગયા હતા.

મુખ્ય પ્રવેશદ્વાર પર પ્રતિષ્ઠા મંડપને 'મહાવીર-નગર' એવું શુભાભિધાન આપવામાં આવ્યું હતું.

સમાગત મહેમાન તથા સ્થાનીય મુમુક્ષુમંડળને માટે મહોત્સવના આઠે દિવસ સુંદરતમ ભોજન વ્યવસ્થા કરવામાં આવેલી. સમાગત મહેમાન આવાસ, ભોજન તથા પ્રકાશ વ્યવસ્થાની ઘણી પ્રશંસા કરતા હતા.

## * પ્રતિષ્ઠાવિધિ : શુદ્ધામ્નાયાનુસાર *

પંચકલ્યાણકપ્રતિષ્ઠાના બધા વિધિવિધાન દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (અપરનામ શ્રી જયસેનાચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' અને પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી (ઈન્દોર) દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠાપ્રદીપ'ના આધારે શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવેલ.

## * પ્રતિષ્ઠાચાર્ય તથા પ્રતિષ્ઠાવિધિ *

આ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવશ્રીના અન્તેવાસી આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી ચંદુભાઈ ઝોબાળીયા (સોનગઢ), આત્માર્થી વિદ્વાન બાલબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ), આત્માર્થી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), મલાડનિવાસી આત્માર્થી વિદ્વાન શ્રી પ્રકાશભાઈ જૈન તથા સલાલનિવાસી શ્રી રમેશભાઈ મહેતાએ કરાવી હતી. ઉપસ્થિત મુમુક્ષુસમાજમાંથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેન પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં કહેતાં હતાં કે—પંચકલ્યાણકના સરલ, સુગમ તથા સ્પષ્ટીકરણવાળી રોચક શૈલીમાં સંપન્ન આ શાસ્ત્રોક્ત, શુદ્ધ, દર્શનીય તથા ચિત્તાકર્ષક ભાવવાહી વિધાન અત્યંત આનંદકારી અનુભવાયાં. પ્રત્યેક વિધાનના પ્રારંભમાં વિધિ સંક્ષેપમાં સમજાવાતી હતી, જેથી પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધાં વિધિવિધાન, ન બહુ ઝડપથી અથવા ન બહુ ધીરેથી, પ્રાયઃ નિશ્ચિત સમયાવધિમાં પૂરાં થતાં હતાં. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારની સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન તથા હાર્દિક ભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓ અનુભવતા હતા.

## * પ્રતિષ્ઠાવિધાનમાં ધનવ્યયનું સૌભાગ્ય *

શ્રી પંચકલ્યાણક-પ્રતિષ્ઠોત્સવના વિધિવિધાનમાં લાભ લેવાનું સૌભાગ્ય મુખ્યતઃ નીચેના મહાનુભાવોને સમ્પ્રાપ્ત થયું હતું.

અખંડ-જ્ઞાનપ્રદીપનનો લાભ શ્રીમતી ગંગાબેન પ્રેમચંદભાઈ કેશવજી શાહ હ. મૃદુલાબેન નાઈરોબીને પ્રાપ્ત થયો હતો.

ધર્મધ્વજારોહણનો અનુપમ લાભ નાઈરોબીનિવાસી શ્રીમતી રળિયાતબેન રાયચંદભાઈ-પરિવારને પ્રાપ્ત થયો હતો.

સૌધર્મ ઈન્દ્ર તથા શચી ઈન્દ્રાણી : શ્રી બીપીનભાઈ ત્રંબકલાલ વાધર તથા શ્રીમતી નિરૂપમાબેન બીપીનચંદ્ર વાધર, જામનગર તથા કુબેર : શ્રી રસીકલાલ અમરચંદભાઈ ડગલી, મુંબઈને સંપ્રાપ્ત થયો હતો.

જન્માભિષેકનો લાભ રત્નજડિત પ્રથમ કલશ શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી-પરિવાર બોરીવલીને પ્રાપ્ત થયો હતો. મંદિર પર કલશ તથા ધજા અને પારણાઝૂલનનો લાભ શ્રીમતી સરોજબેન પ્રફુલ્લભાઈ રાજા-પરિવાર, નાઈરોબીને પ્રાપ્ત થયો હતો. ભગવાન મહાવીર મુનિરાજને આહારદાનનો અનુપમ લાભ નાઈરોબીનિવાસી શ્રીમતી રળિયાતબેન રાયચંદભાઈ-પરિવારને પ્રાપ્ત થયો હતો. આહારદાન અનુમોદનનો તથા આહારદાનના દિવસે જમણનો લાભ શ્રી હીરાભાઈ ભીખાભાઈ શાહ તથા અંજનભાઈ શાહ-પરિવારને સંપ્રાપ્ત થયો હતો.

## * જિનબિંબ-પ્રતિષ્ઠા *

**મૂલનાયક શ્રી સીમંધરભગવાન :** નકરો તથા પ્રતિષ્ઠાનો લાભ : શ્રીમતી પ્રફુલાબેન કિશોરભાઈ મહેતા-પરિવાર, જામનગર શ્રી અરવિંદભાઈ સુંદરજીભાઈ વારિયા-પરિવાર, જામનગર, શ્રીમતી જ્યોતિબેન જી. દોશી-પરિવાર, પાર્લા-મુંબઈ

**શ્રી નેમિનાથ ભગવાન :** નકરો તથા પ્રતિષ્ઠાનો લાભ : શ્રી જગદીશભાઈ ટી. ટોલીયા-પરિવાર, જામનગર

**શ્રી શાંતિનાથ ભગવાન :** નકરો તથા પ્રતિષ્ઠાનો લાભ : શ્રી છગનલાલ કાલીદાસ વાધર-પરિવાર, જામનગર

**શ્રી વિધિનાયક શ્રી મહાવીર ભગવાન (પંચ ધાતુકી પ્રતિમાજી) :** નકરો : શ્રીમતી મૃદુલાબેન પ્રફુલચંદ વશા-પરિવાર, જામનગર તથા બિરાજમાન કરવાનો લાભ શ્રી કનકરાય મણીલાલ પુનાતર-પરિવાર, જામનગર હ. સુનીલભાઈ

**શ્રી ભાવિ તીર્થંકર સૂર્યકીર્તિ ભગવાન (પંચ ધાતુકી પ્રતિમાજી) :** નકરો બાલબ્રહ્મચારી શ્રી જશીબેન તથા ચંદ્રપ્રભાબેન-જામનગર (હાલ : સોનગઢ) તથા બિરાજમાન કરવાનો લાભ શ્રીમતી મધુબેન જમનાદાસ શાહ-પરિવાર, જામનગર તથા જતીનભાઈ પુનાતર

**પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ :** નકરો શ્રી સપાણી પરિવાર-મુંબઈ-હૈદ્રાબાદ તથા બિરાજમાન કરવાનો લાભ શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર, મુંબઈને પ્રાપ્ત થયો હતો.

નૂતન જિનમંદિરમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ, શ્રી સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી, શ્રી ભગવતી માતા, શ્રી બાહુબલી મુનિરાજનું ધ્યાનસ્થ મુદ્રાનું ચિત્રપટ અને પુરાણ કથાના ચિત્રપટ તથા સ્વાધ્યાય હોલના નિર્માણનો લાભ શ્રી લંડન મુમુક્ષુ મંડલને પ્રાપ્ત થયો હતો.

જમણનો સવાર-બપોર અને સાંજનો લાભ અનેક મુમુક્ષુઓએ લીધો હતો. જેમાં મુખ્ય પૂરા દિવસનો લાભ : (૧) શ્રીમતી રળિયાતબેન રાયચંદભાઈ નાઈરોબી (૨) હિન્દીભાષી દિગંબર જૈન સમાજ, જામનગર (૩) શ્રીમતી પ્રફુલાબેન કિશોરભાઈ મહેતા (૪) શ્રી અરવિંદભાઈ વારિયા-પરિવાર (૫) સુનીલભાઈ કનકરાય પુનાતર (૬) શ્રી છગનલાલ કાલીદાસ વાધર-પરિવાર જામનગરે લીધો હતો.

સ્વાધ્યાય હોલમાં શ્રી કુંદકુંદ-આચાર્યદેવ, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી ભગવતી માતા ચંપાબેન, પંચ પરમાગમ, ગુરુદેવશ્રીના વચનામૃત, પૂજ્ય બહેનશ્રીના વચનામૃત તથા જ્ઞાનવૈભવને બિરાજમાન કરવાનો લાભ ગુરુદેવશ્રીના તત્ત્વબોધરસિક અનેક મુમુક્ષુઓએ લીધો હતો.

આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર-પ્રતાપથી તથા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના શુભ આશીર્વાદથી આ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક અતિ ભવ્યતાથી ઉજવાયો. સર્વે મુમુક્ષુઓએ પોતાની શક્તિ-અનુસાર ધનવ્યય પણ ઘણા જ આનંદોત્સાહપૂર્વક કર્યો છે.

અહો! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રીનો લોકોત્તર પ્રભાવના-ઉદય!!

## ધર્મપ્રભાવનાના આધારસ્તંભ

અહો! અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વાનુભવપ્રમુખ અધ્યાત્મ વિદ્યાના લોકોત્તર યુગનું મંગલ પ્રવર્તન તો કર્યું જ, પરંતુ એની સાથે સાથે સાધકને ભૂમિકાને અનુરૂપ આવનારી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની અપાર મહિમા પણ સુચારુતાથી સમજાવી! સ્વાનુભવ- વિભૂષિત પૂજ્ય બહેનશ્રીએ સાચુ જ કહ્યું છે કે—"પૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી સાધક જીવ અંતરમાં નિજ ચૈતન્ય ભગવાનને તથા બહારમાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુને સાથે જ રાખે છે. આપણને આવાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુનું સાંનિધ્ય મળ્યું એના જેવું બીજું કોઈ પુણ્ય નથી. એમની સમીપમાં સ્વાનુભૂતિ થાય, એની વૃદ્ધિ થાય તથા પૂર્ણતા થાય, બસ આ જ એક કરવા જેવું છે. તે જ જીવન જીવવું સાર્થક છે." અહો! નિશ્ચય-વ્યવહારની સંધિવાળી જેમની એવી સાધના સદા પ્રવર્તમાન વર્તતી હતી અને જેમનો ધર્મોપકાર મુમુક્ષુઓને નિશ્ચય-વ્યવહારના સુમેળયુક્ત આધ્યાત્મિક જીવન તરફ લઈ જાય છે એવા આપણા પરમ-તારણહાર વીતરાગ જિનધર્મપ્રભાવનાના પ્રમુખ આધારસ્તંભ, પરમોપકારી બંને સંતોને (પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીને) અત્યંત ભક્તિપૂર્ણ પ્રણામ.

અહો! જયવંત વર્તો શ્રી જિનબિમ્બ-પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ! જયવંત વર્તો પૂજ્ય કહાનગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અને એ બંનેનો શ્રેયોવર્ધક મંગલકારી પ્રભાવના-ઉદય!!

અહો! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો! તે ગુરુકહાનનો.
—અહો! ભગવતી માતનો

—ઇતિ શુભં ભૂયાત્

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

માનસ્તંભ-પ્રતિષ્ઠાદિન :—તા. ૧૯-૪-૨૦૦૫, મંગળવારે, સોનગઢમાં શ્રી સીમંધર-માનસ્તંભનો ૫૩ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન પૂજા-ભકિતના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

### મહાવીર જયંતી–કહાનગુરુ-સંપ્રદાયપરિવર્તનદિન

તા. ૨૨-૪-૨૦૦૫ શુક્રવારે ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મ પ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય–પરિવર્તનનો વાર્ષિક દિન પૂજા-ભકિતના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

નોંધ :—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢનું એકમાત્ર માસિક આત્મધર્મ છે. બીજા કોઈ માસિક, પાક્ષિક કે દૈનિક શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના પત્રો નથી.

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઊનાળાની રજાઓમાં તા.૬-૫-૨૦૦૫, શુક્રવારથી તા. ૨૬-૫-૨૦૦૫ ગુરુવાર સુધી રાખવામાં આવ્યો છે. આ એકવીસ દિવસના શિક્ષણવર્ગમાં મધ્યમ તથા ઉત્તમ–બે વર્ગ રાખવામાં આવશે.

મધ્યમ વર્ગમાં પ્રશ્નોત્તરમાળા તથા મોક્ષમાર્ગ પ્રકાશક તથા ઉત્તમ વર્ગમાં પંચાસ્તિકાયસંગ્રહ અને પ્રવચનસાર–જ્ઞેય અધિકાર પર શિક્ષણ આપવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકોને અધ્યાત્મતત્વપ્રધાન ધાર્મિક સંસ્કાર ઉપલબ્ધ થાય–એવા હેતુથી પોતાના ગામના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા માટે સર્વે મુમુક્ષુમંડળોને અનુરોધ છે.

સૂચના–(૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિ:શુલ્ક રહેશે. (૨) વિદ્યાર્થી પાઠ્ય-પુસ્તક (જો પોતાની પાસે હોય તો) સાથે લાવે. (૩) ટેપ-રેકોર્ડિંગ મશીન વગેરે કોઈ કિમતી વસ્તુ સાથે ન લાવે. (૪) વિદ્યાર્થીએ પોતાના આવવાની અગ્રિમ સૂચના પોસ્ટ દ્વારા જણાવવી.

*પ્રબંધક—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,*
*સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| સંપાદક | : | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| મુદ્રક | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |

હું હસમુખલાલ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખલાલ પોપટલાલ વોરા

તા. ૧૫-૩-૨૦૦૪

અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

### વૈરાગ્ય સમાચાર :—

લાઠીનિવાસી (હાલ-મુંબઈ) શ્રી ધીરજલાલ ભવાનભાઈ શાહ (વર્ષ ૮૩) તા. ૨૭-૧૧-૦૪ના રોજ તથા તેમના પત્ની શ્રી મંજુલાબેન (વર્ષ ૮૦) તા. ૧૬-૧-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અંધેરીનિવાસી દીપ્તિબેન અનિલકુમાર ડગલી તા. ૨૭-૧-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ હૈદ્રાબાદ) હરગૌરીબેન પ્રભુલાલ સપાણી (વર્ષ ૮૦) તા. ૩-૧૨-૦૪ના રોજ હૈદ્રાબાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ મલાડ) શ્રી ગુણવંતીબેન મનહરલાલ જસવાણી (વર્ષ ૭૦) તા. ૨૩-૧૨-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ગોંડલનિવાસી (હાલ મદ્રાસ) શ્રી બાબુલાલ અમૃતલાલ દોશી (વર્ષ ૮૩) તા. ૧૫-૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ જલગાંવ) શ્રી વિમળાબેન ચીમનલાલ સોગઠી (વર્ષ ૭૮) તા. ૧૬-૨-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જેતપુરનિવાસી (હાલ ગોંડલ) શ્રી નાનાલાલભાઈ ચત્રભુજ કામદાર (તે શ્રી કિરણભાઈ કામદારના કાકાશ્રી થાય.) તા. ૧૭-૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લંડનનિવાસી જૂઠાલાલ પ્રેમચંદ શાહ (વર્ષ ૮૫) તા. ૨૪-૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે નાઈરોબી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં ઘણો લાભ લીધો હતો.

उपकारमूर्ति पूज्य बहेनश्री चंपाबेननो ७३मो

# सम्यकत्वजयंती-महोत्सव

ભવાન્તકારી તથા સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યક્દર્શનનો અનુપમ માર્ગ બતાવીને જેઓએ આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ--તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની 'ભાવિતીર્થંકર દ્રવ્ય'રૂપ સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળા ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૩ મી વાર્ષિક 'સમ્યકત્વજયંતી' આગામી તા.૪-૪-૨૦૦૫, સોમવાર (ફાગણ વદ-૧૦)ના દિવસે છે. 'સમ્યકત્વજયંતી'નો આ મંગલ અવસર તા. ૩૧-૩-૨૦૦૫, ગુરુવારથી તા. ૪-૪-૨૦૦૫, સોમવાર પાંચ દિવસ સુધી, શ્રી 'ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા' પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યકત્વ મહિમા-ભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભકિત, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન (મોટા સ્કીન પર), પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવ રસભરી વિડિયો ધર્મચર્ચા આદિ અનેકવિધ રોચક વિવિધ કાર્યક્રમપૂર્વક 'સમ્યકત્વજયંતી-મહોત્સવના રૂપમાં, લાઠી નિવાસી દાદર (મુંબઈ)વાસી માતુશ્રી ચંચળબેન પ્રેમચંદ પાનાચંદ ભાયાણી-પરિવાર, (હા.શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી) દ્વારા, અતિ-આનંદોલ્લાસ સહ ઊજવવામાં આવશે. સમ્યક્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે.

*નિમંત્રક—*

*શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી-પરિવાર,*

*મુંબઈ*

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૬મો

# મંગલ જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન છે કે—આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૬મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સોનગઢમાં શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડલ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રૂઝ તરફથી અતિ આનંદોલ્લાસ-પૂર્વક ઊજવવામાં આવશે.

તદનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી ૧૧૬મી જન્મજયંતી (વૈશાખ સુદ-૨) નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૬-૫-૨૦૦૫, શુક્રવારથી તા. ૧૦-૫-૨૦૦૫, મંગળવાર—પાંચ દિવસ સુધી 'શ્રી તીર્થમંડલ વિધાન-પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સી.ડી.-પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભકત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૬-૭-૮ ત્રણ દિવસ માટે યુવકમંડળ દ્વારા આયોજિત ધાર્મિક શિક્ષણ-શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ-જૈન ભજનમંડળી દ્વારા દેવગુરુ-ભકિત ઈત્યાદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

ગુરુભકિતના આ અનુપમ અવસરથી લાભાન્વિત થવા માટે ગુરુભકત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિ:શુલ્ક રાખેલ છે.

નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૩-૪-૨૦૦૫, રવિવારે રાખવામાં આવી છે.

નિમંત્રક—

*શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ,*

*પાર્લા-સાન્તાક્રૂઝ*

## પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે તેને જ્ઞાન જાણે છે એ નિશ્ચય છે

એક સમયમાં પોતાની વર્તમાન દશામાં આ...આ...આ... જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે. નિશ્ચયથી તો પોતાની જ્ઞાનપર્યાય પોતાથી પ્રગટ થઈ છે તે પોતાને જ જાણે છે. કેમ કે, જેમાં તન્મય થઈને જાણે તે જાણવાને જ નિશ્ચય કહેવામાં આવે છે. પરનું જાણવું કાંઈ પરમાં તન્મય થઈને થતું નથી માટે પરને જાણવું તે વ્યવહાર છે. પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થાય છે તેને જ્ઞાન જાણે છે એ નિશ્ચય છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662

Copies : 5250